જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૨/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૨૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૭	૨	૧૧૨૪૯	૧૭૩૭૯	૨	૧૭૩૮૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૯૭	૧૨	૨૮૯૦૯	૩૦૨૧૨	૧૨	૩૦૨૨૪
કુલ		૪૪૯૧૫	૧૪	૪૪૯૨૯	૫૪૦૯૨	૧૪	૫૪૧૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૫	૧૧,૩૦,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૬	૨,૪૬,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

જુગારનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબનાઓની સાથે પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ઇસનપુર મહાવીર સ્કુલ ચાર રસ્તા પાસે આવતા પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓને મળેલ બાતમી હકિકત આધારે સિતારામ મઢુલી ત્રણ રસ્તા સિતારામની મઢુલીની સામે જાહેરમા ગંજીપાનાથી પૈસાનો હારજીતનો માંગપત્તાનો જુગાર રમી રમાડતા દસ આરોપીઓને કુલ રૂપિયા ૨,૪૯,૬૬૦/-ના મુદ્દામાલ સાથે તા ૧૭/૦૨/૨૦૨૧ ના કલાક ૨૩/૩૦ વાગે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૧૦૩૮૫/૨૦૨૧ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૧૮/૦૨/૨૦૨૧

પકડાયેલ આરોપીઓ

(૧) ચીરાગ શાંતીલાલ વાઘેલા ઉ.વ ૨૪ રહે,મ.નં ૭ કાશીવિશ્વનાથ સોસાયટી વિભાગ-૧ ઇસનપુર અમદાવાદ શહેર

(૨) મુકેશભાઇ કાળુભાઇ મોઢેરા ઉ.વ ૩૦ રહે,કાળી તલાવડીના કાચા છાપરા ચામુંડાનગર ઇસનપુર અમદાવાદ શહેર

(૩) અરવિંદભાઇ નારણભાઇ માલવીયા ઉ.વ ૪૫ રહે,મ.નં બી/૬૫ કાશીવિશ્વનાથ સોસાયટી વિભાગ-૨ ઇસનપુર અમદાવાદ

(૪) રમેશ મગનભાઇ મકવાણા ઉ.વ ૩૦ રહે, મ.નં ૧૧ મારવાડીની ચાલી કૈલાશનગર મહાવીર સ્કુલની પાછળ ઇસનપુર અમદાવાદ શહેર

(૫) રવિ કાંતીભાઇ મકવાણા ઉ.વ ૪૨ રહે,મ.નં ૩ જયશ્રી સોસાયટી મહાવીર સ્કુલની સામે ઇસનપુર અમદાવાદ શહેર

(૬) વિપુલ અશોકભાઇ સોલંકી ઉ.વ ૩૯ રહે,મ.નં ૯૪૬ ગણેશપાર્ક ધોળેશ્વર મહાદેવની સામે ઇસનપુર ગામ ઇસનપુર અમદાવાદ શહેર

(૭) વિજય દેવજીભાઇ વાઘેલા ઉ.વ ૪૦ રહે,મ.નં એ/૩૪ વસંતવિહાર સોસાયટી નારોલ કોર્ટની સામે નારોલ અમદાવાદ શહેર

(૮) ઇકબાલભાઇ ઇબ્રાહીમભાઇ પટેલ ઉ.વ ૪૬ રહે,મ.નં જી/૮ ગુલશનનગર મદીના મસ્જીદ પાસે બોમ્બે હોટલ ઇસનપુર અમદાવાદ શહેર

(૯) મિતેષ કાનજીભાઇ વાલેરા ઉ.વ ૩૬ રહે, મ.નં બી/૨૫ તપોભુમિ સોસાયટી યોગેશ્વર સોસાયટીની સામે ઇસનપુર અમદાવાદ

(૧૦) યાસીનભાઇ અકબરભાઇ પઠાણ ઉ.વ ૫૦ રહે, મ.નં ૫૧૬ આઝાદનગર ફૈસલપાર્ક બોમ્બે હોટલની પાછળ ઇસનપુર અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) રોકડા નાંણા રૂપિયા ૩૭,૬૬૦/-

(૨) મોબાઇલ ફોન નંગ-૪ કિંમત રૂપિયા ૨૭,૦૦૦/-

(૩) મોટર સાયકલ નંગ-૨ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/-

(૪) ફોર વ્હીલ ગાડી નંગ-૧ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/-

(૫) ગંજીપાની કેટ નંગ-૧ તથા છુટા ગંજીપાના નંગ-૫૨ કિંમત રૂપિયા ૦૦/૦૦ તથા પાથરણુ નંગ-૧ કિંમત રૂપિયા ૦૦/૦૦ કુલ રૂપિયા ૨,૪૯,૬૬૦/- નો મુદ્દામાલ



ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

ચોરીના તથા શરીર સબંધી ગુન્હાના આરોપીને મુદામાલ સાથે ગણતરીના કલાકોમાં શોધી કાઢતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા પો.ઇન્સ આર.આર.બંસલ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રીની સુચનાથી અ.હેડ.કોન્સ દિલીપસિહ બળભદ્રસિહ બ.નં.૫૩૬૩ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો દિલીપભાઇ કુબેરભાઇ બ.ન.૬૦૧૩ તથા અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૧૧૯૦ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે જમાલપુર ખાનજહાન દરવાજા પાસે આવેલ ચર્ચની પાસે વોચમાં રહી એક ઇસમ નામે મોહમદ સેહાબ ઉર્ફે લાલીયા સ/ઓ મોહમદ ફારૂક રંગરેજ ઉ.વ.૩૨ ધંધો.છુટક મજુરી રહે. મ.નં.૩૦૪૯ કાણીખાંડનો મહોલ્લો દિલ્હી ચકલા લાજવાબ હોટલ પાછળ દિલ્હી દરવાજા શાહપુર અમદાવાદ શહેર તથા મ.નં.૩૦૩૪ અલીફનગર નવરંગ સ્કુલની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ પાસેથી એક ઓટો રીક્ષા જેનો R.T.O નં-GJ-01-CV-3619 જેનો એંજીન નં-24MBUB24339 તથા ચેચીસ નં- MD2AA24ZZUWB19822 ની જેની આશરે કિ.રૂ.૧૦૦૦૦/- ની મતાની કબ્જે કરેલ હોય અને સદરી ઓટો રીક્ષા ચોરી થવા ગુ.ર.નં.A-૧૧૧૯૧૦૨૧૨૧૦૧૮૬/૨૦૨૧ ધી.ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ તેમજ સદરી ઇસમની પુછપરછ કરતા અત્રેના પો.સ્ટે દાખલ થયેલ ગુ.ર.નં. A-૧૧૧૯૧૦૨૧૨૧૦ ૧૮૫/૨૦૨૧ ધી.ઈ.પી.કો કલમ-૩૨૪ વિગરેના કામે પણ નાસતો ફરતો હોય જેથી સદરી ઇસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરવામાં આવેલ છે તા-૧૭/૦૨/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૨૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૨૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૩૨૩/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સિટીઃ ભાવેશપુરી મહેન્દ્રતપુરી બાવા (ઉ.વ.૩૧) (રહે.રોયલ રેસીડન્સી વંદે માતરમ આર્કેડ સામે ગોતા) એ તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે સને-૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દર્શન પ્રવિણચંદ્ર વ્યાસ (રહે. પારૂલ સોસાયટી મેમનગર ફાયર સ્ટેશન સામે નવરંગપુરા) અને (૨) વિશાલ રમેશભાઈ ગાંધી (રહે. સંધવી કોમ્પ્લેક્ષ એ.એમ.રોડ અડાજણ સુરત) એ ભેગા મળી નવરંગપુરા મેમનગર ફાયર સ્ટેશન સામે પારૂલ સોસાયટી ખાતે ધર્મહેલ્થ કેર તથા રીધમ ડીવાઈન હેલ્થકેર કંપનીમાં ભાવેશપુરી અને ભાવેશપુરીના પિતાજીને નોકરી ઉપર રાખવાનુ જણાવી વિશ્વાસમાં લઇ ભાવેશપુરી અને ભાવેશપુરીના પિતાજી પાસેથી કુલ રૂપિયા ૫૮,૫૫,૦૦૦/- રોકાણ કરાવી કંપની બંધ કરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.સી.ધુમ્મડ ચલાવે છે.

નરોડાઃ હિમતસિહ મોતીસિહ સીસોદીયા (ઉ.વ.૪૦) (રહે. સીલ્વર રેસીડન્સી કઠવાડા રોડ હરીદર્શન ચાર રસ્તા નવા નરોડા) એ તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા:-૦૨/૦૨/૨૦૨૧ નાં રોજ મોબાઈલ નંબર ૮૪૩૭૧૧૦૬૩૭ ના ધારકે હિમતસિહ સીસોદીયાને ફોન કરી આર.બી.એલ બેંકના કર્મચારી તરીકે પોતાની ઓળખ આપી હિમતસિહ સીસોદીયાના આર.બી.એલ બેંકના ક્રેડીટ કાર્ડની લીમીટ રૂપિયા ૩૦,૦૦૦/-વધારવાનુ જણાવી વિશ્વાસમાં લઇ હિમતસિહ સીસોદીયાના ફોનમા આવેલ ઓ.ટી.પી. મેળવી લઇ હિમતસિહ સીસોદીયાના ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૨૯,૦૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૨૪/૨૦૨૧**

ઘાટલોડીયાઃ ડીમ્પલબહેન વા/ઓ મનીષભાઇ કદમ (રહે. કર્ણાવતી એપાર્ટમેન્ટ વિભાગ-૧ સોલા રોડ નારણપુરા) એ તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૧ સાજના ૫/૩૦ થી તા.૧૭/૦૨/૨૦૨૧ કલાક ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૫,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.માલકિયા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઇ ગયાઃ- **સમાચાર યાદી નં.૩૨૫/૨૦૨૧**

બાપુનગરઃ તૃષાબહેન શૈલેષભાઇ કાનપરીયા (ઉ.વ.૩૮) (રહે.મનહરનગર વિભાગ-૨ વૃંદાવન પાર્ક સોસાયટીની બાજુમાં બાપુનગર) તા.૧૦/૦૧/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર ઇન્ડીયા કોલોની રોડ કૈલાસધામ સોસાયટીની બાજુમાં આવેલ હીંગુ મેન્સવેર નામની દુકાન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ તૃષાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧૭,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ તૃષાબહેન કાનપરીયાએ તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.શેઠ ચલાવે છે.

નરોડાઃ ભાવિકભાઇ સ/ઓ રમેશભાઇ રોકાણી (ઉ.વ.૩૪) (રહે. રત્નદીપ સોસાયટી પુજન હોસ્પિટલ ગલી પાયલનગર રોડ નરોડા) તા.૦૫/૦૨/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પાયલનગર બગીચા નજીક આવેલા અમુલ પાર્લર પાસેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે બજાજ પ્લ્સર મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ ભાવિક્ભાઈના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભાવિકભાઇ રોકાણીએ તા.૧૭/૦૨/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી